# <u>શંખેશ્વરના મે. જયુ. મેજી. ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમા, મુ.શંખેશ્વર</u>

**ફોજદારી કેસ નં. ૭૩/૨૦૨૬**

**આંક:-**

ફરીયાદી :- શ્રી સરકાર ......

-:: <u>વિરૂધ્ધ</u> :: -

આરોપી :- ઠાકોર સંજયભાઇ કરશનભાઇ
રહે.મું.પંચાસર, તા.શંખેશ્વર, જી.પાટણ

**ગુનો :- <u>બી.એન.અસ. કલમ- ૨૮૫ મુજબ</u>**

**-:: <u>ઠ રા વ</u> ::-**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમા વિગત એવી છે કે, આ કામના આરોપીએ ફરીયાદમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે રોડ ઉપર પોતાનું વાહન રસ્તે આવતા જતા વાહનોને તથા રાહદારીઓને અડચણ થાય તે રીતે ઉભું રાખી પકડાઈ જઈ, આરોપીએ બી.એન.અસ.ની કલમ-૨૮૫ મુજબનો ગુનો કરેલ તે અંગેનું ચાર્જશીટ પોલીસે તપાસના અંતે અત્રેની અદાલતમા રજુ કરેલ છે.

(૨) આરોપી આજ રોજ અદાલત સમક્ષ હાજર રહેતા અને તેની સામેના ગુનાની કબુલાત કરતીથી લેખિત ગુના કબુલાત પુરસીસ રજુ કરતા આરોપીને તેની સામેના ગુનાની હકીકત વાંચી સંભળાવી, સમજાવી આરોપીનુ પ્રાથમીક નિવેદન લેતા તેમાં પણ આરોપીએ તેની સામે આક્ષેપાયેલ ગુનો કરેલ હોવાનુ કબુલ રાખેલ છે.

( ૩ ) આમ આરોપીઓ તેમની સામેનો ગુનો સ્વૈચ્છીક રીતે કબૂલ કરતા હોઈ તે ધ્યાને લેતા તેમજ નામદાર ગુજરાતની વડી અદાલતના સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯ ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા તેમજ હાલના કેસની હકીકતો અને સંજોગો ધ્યાને લેતા, આરોપીઓને ગુના કબુલાત બદલ પુરેપુરી સજા અને દંડ નહીં કરતા, ઓછામાં ઓછી સજા તેમજ ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો પણ ન્યાયનો હેતુ જળવાય રહે તેમ હોઈ, જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ- ૨૭૫ અન્વયે તેની સામેના બી.એન.અસ.ની કલમ- ૨૮૫ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી રૂા. ૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરાનો) કરવામાં આવે છે. અને જો દંડ ન ભરે તો દિન-૨(બે) ની સાદી કેદની સજાનો હુકમ કરવામા આવે છે.

આ હુકમ આજ **તા. ૧૪ ,** માહે **માર્ચ ,** સને **૨૦૨૬** ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૪/૦૩/૨૦૨૬
મુ.શંખેશ્વર.

**(મિનેષકુમાર વિનોદચંદ્ર પટેલ)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
શંખેશ્વર.
કોડ નં.જી.જે.૦૦૬૭૦